**આંક : –**

- રજૂ કર્યા તા. : ૨૧/૧૦/૨૦૨૨
- નોંધણી કર્યા તાઃ ૨૧/૧૦/૨૦૨૨
- નિર્ણય કર્યા તાઃ ૦૪/૦૭/૨૦૨૩
- સમયગાળોઃ વર્ષ – માસ – દિવસ
  ૦૦ ૦૮ ૧૯

**અમરેલી જીલ્લાના સત્ર ન્યાયાધિશશ્રીની કોર્ટમાં, મુકામ–અમરેલી.**

**ફોજદારી અપીલ નંબર–૫૩/૨૦૨૨.**

**શ્રી સરકાર**
નોટીસ થ્રુ જીલ્લા સરકારી વકીલશ્રી, **(અરજદાર)**
**અમરેલી.** :::::::::::::::::::::::::: **(મુળ ફરિયાદી)**

**વિરૂધ્ધ.**

(૧) **ભાવસીગભાઈ વેસ્તાભાઈ સીગડ,**
રહે. રામપર, તા. લાઠી, જી.અમેરલી.

(૨) **અરુણભાઈ ઉર્ફે લાલો ડાયાભાઈ**
**ગોરજીયા,** રહે.લાઠી, **(સામાવાળાઓ)**
જી.અમરેલી. :::::::::::::::::::::::: **(મુળ આરોપીઓ)**

**અપીલ :** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–**૩૭૮** અન્વયે અપીલ અરજ...

---

અરજદાર તરફે વિધ્વાન એ.પી.પી. **શ્રી જે.બી.રાજગોર.**

---

**–:: જજમેન્ટ ::–**

(૧) હાલની અપીલ વિવાદી/ફરિયાદીએ, **લાઠી**ના વિધ્વાન જયુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટકલાસ) શ્રીનાઓએ ફોજદારી કેસ નંબર–**૧૭/૨૦૧૭**

ના કામે તારીખ **૩૦/૧૧/૨૦૧૯** ના રોજ પ્રતિવિવાદી –આરોપીઓને બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાના કામે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલો, તે હુકમથી નારાજ થઈ હાલની અપીલ કરેલ છે.

**(૨)** વિવાદી/શ્રીસરકારે અપીલમાં જણાવેલ છે કે, નામદાર નીચેની અદાલતે કાયદાની જોગવાઈઓનુ અર્થઘટન કરવામા ભૂલ કરેલ છે તથા પુરાવાનુ મુલ્યાંકન કરવામા ભૂલ કરેલ હોય. આરોપી નંબર–૧ નાએ ગેરકાયદેસર વગર પાસ પરમીટે પરપ્રાન્તની ઈન્ગ્લીશ દારુની કી ગ વ્હિસ્કી કંપનીની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ–૪૦ નો મુદ્દામાલ લઈ આરોપી નંબર–૨ ને આપવા જતા પકડાઈ જઈ ગુન્હો કરવામા એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ છે. ફરિયાદી તથા રીડીંગ પાર્ટીના કર્મચારીઓએ નામ. કોર્ટ રુબરુ જુબાની આપેલ છે તેમજ પકડાયેલ બોટલોમા દારુ ભરેલ હતો તેવી હકીકત એફ.એસ.એલ.ના રીપોર્ટ આધારે સાબીત કરેલ હોવા છતા નામ. અદાલતે માનેલ નહી. ફરિયાદી અને ત.ક.અ. એક જ વ્યકિત હોય તો પણ પી.એસ.આઈ. એ પોલીસ સ્ટેશનના વડા અધિારી છે અને ગંભીર પ્રકારના ગુનાની પી.એસ.આઈ. જેવા અધિકારીએ તપાસ કરવી જોઈએ તેને ધ્યાને લઈ નિષ્પક્ષ તપાસ કરી પુરાવો રજુ કરેલ હોય. સદર કાયદાની કલમ –૧૧૬(બી) નુ અનુમાન કરવા માટે કોઈ નિયમ પધ્ધતિ નથી પરંતુ નિયમ છે કે જયારે રીગપેક દારુની બોટલ મળી આવેલ હોય અને તે બોટલ ઉપર બ્રાન્ડનુ નામ, કંપનીનુ નામ, મેન્યુફેકચરનુ નામ લખેલ વિગનુ લેબલ લગાડવામા આવેલ હોય ત્યારે તે બોટટલમા લેબલ મુજબનુ પ્રવાહી ભરવામા આવેલ છે તેવુ અનુમાન કરવાનુ હોય છે તેના માટે કોઈ અલગ પધ્ધતિ નથી. મળેલ બોટલનુ એફ.એસ.એલ. મારફત પૃથ્થકરણ કરવામા આવેલ છે તેના રીપોર્ટમા આલ્કોહોલ ડીટેક

થયેલ છે તેને જોતા આ કામે મળેલ બોટલમા દારુ હોવાનુ અનુમાન કરવા પુરતો પુરાવો છે વિગેરે હકીકતો જણાવી આરોપીઓના કબજામાથી મોટા જથ્થામા દારુની બોટલો મળી આવેલ છે અને સજા કરવા માટે પુરતો પુરાવો હોવા છતા આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરેલ છે તે હુકમ રદ થવા પાત્ર હોય તેમ જણાવી અપીલ મંજુર કરી સામાવાળા/આરોપીઓને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

(૩) કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નંબર–૧ નાએ ગેરકાયદેસર વગર પાસ પરમીટે પરપ્રાન્તની ઈન્ગલીશ દારુની કીગ વ્હિસ્કી કંપનીની ૭૫૦ એમ.એલ. ની કુલ–૪૦, કંપની રીગપેક કુલ કિંમત રુપિયા ૧૨,૦૦૦/– ના મુદ્દામાલ લઈ આરોપી નંબર–૨ ને આપવા જતા પકડાઈ જતા આરોપીઓ સામે ફરિયાદ આપેલી. ત્યારબાદ તપાસનીશ અમલદારે **લાઠી** પ્રોહીબીશન સ્ટેશન ગુન્હા રજી. **નં.૧૪૯/૨૦૧૬** ના કામે તપાસ કરી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૭૩(૨) મુજબ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ હતું.

ત્યારબાદ કોર્ટ તરફથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ આરોપીઓને વિના મુલ્યે પૂરી પાડવામાં આવેલ હતી. આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં આંક–૨૦ અને આંક –૨૧ થી પ્લી નોંધવામાં આવેલ હતી.

ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે કુલ–૮ સાહેદો તથા કુલ–૫ દસ્તાવેજી પુરાવો રજૂ કર્યો હતો.

(૪) બન્ને પક્ષના વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રીઓની દલીલો ધ્યાનમાં લેતાં તેમજ કેસની હકીકત ધ્યાનમાં લેતાં નીચે મુજબના મુદ્દા મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

૧) શું વિવાદી/સરકાર એવુ પુરવાર કરે છે કે, ફોજદારી કેસ નંબર–**૧૭/૨૦૧૭** ના કામે **લાઠી**ના વિધ્વન જયુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટકલાસ) શ્રીનાઓએ કરેલ આંક–**૭૦** નો તારીખ **: ૩૦/૧૧/૨૦૧૯** ના રોજનો આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવીને છોડી મુકવા અંગેનો હુકમ ગેરકાયદેસરનો, ભૂલભરેલો અને રદબાતલ થવાને પાત્ર છે?

૨) શું હુકમ?

**(૫)** ઉપરોકત મુદ્દા અંગે મારા જવાબો નીચે મુજબ છે.

૧) **નકારાત્મક.**

૨ ) છેવટના હુકમ પ્રમાણે.

**–:: <u>કા ર ણો</u> ::–**

**<u>મુદ્દા નંબર– ૧</u> :–**

**(૬)** આ કામે અરજદાર/શ્રીસરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, નામદાર નીચેની અદાલતે કાયદાની જોગવાઈઓનુ અર્થઘટન કરવામા ભૂલ કરેલ છે તથા પુરાવાનુ મુલ્યાંકન કરવામા ભૂલ કરેલ હોય. આરોપી નંબર–૧ નાએ ગેરકાયદેસર વગર પાસ પરમીટે પરપ્રાન્તની ઈન્ગ્લીશ દારુની કીંગ વ્હિસ્કી કંપનીની ૭૫૦ એમ. એલ. ની બોટલ નંગ–૪૦ નો મુદ્દામાલ લઈ આરોપી નંબર–૨ ને આપવા જતા પકડાઈ જઈ ગુન્હો કરવામા એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ છે. ફરિયાદી તથા રીડીંગ પાર્ટીના કર્મચારીઓએ નામ. કોર્ટ રુબરુ જુબાની આપેલ છે તેમજ પકડાયેલ બોટલોમા દારુ ભરેલ હતો તેવી હકીકત એફ.એસ.એલ.ના રીપોર્ટ આધારે સાબીત કરેલ હોવા છતા નામ. અદાલતે માનેલ નહી. ફરિયાદી અને ત.ક.અ. એક જ વ્યકિત હોય તો પણ પી.એસ.આઈ. એ પોલીસ સ્ટેશનના વડા અધિકારી છે અને ગંભીર પ્રકારના ગુનાની

પી.એસ.આઈ. જેવા અધિકારીએ તપાસ કરવી જોઈએ તેને ધ્યાને લઈ નિષ્પક્ષ તપાસ કરી પુરાવો રજુ કરેલ હોય. સદર કાયદાની કલમ–૧૧૬(બી) નુ અનુમાન કરવા માટે કોઈ નિયમ પધ્ધતિ નથી પરંતુ નિયમ છે કે જયારે રીગપેક દારુની બોટલ મળી આવેલ હોય અને તે બોટલ ઉપર બ્રાન્ડનુ નામ, કંપનીનુ નામ, મેન્યુફેકચરનુ નામ લખેલ વિગનુ લેબલ લગાડવામા આવેલ હોય ત્યારે તે બોટલમા લેબલ મુજબનુ પ્રવાહી ભરવામા આવેલ છે તેવુ અનુમાન કરવાનુ હોય છે તેના માટે કોઈ અલગ પધ્ધતિ નથી. મળેલ બોટલનુ એફ.એસ.એલ. મારફત પૃથ્થકરણ કરવામા આવેલ છે તેના રીપોર્ટમા આલ્કોહોલ ડીટેક થયેલ છે તેને જોતા આ કામે મળેલ બોટલમા દારુ હોવાનુ અનુમાન કરવા પુરતો પુરાવો છે વિગેરે હકીકતો જણાવી આરોપીઓના કબજામાથી મોટા જથ્થામા દારુની બોટલો મળી આવેલ છે અને સજા કરવા માટે પુરતો પુરાવો હોવા છતા આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરેલ છે તે હુકમ રદ કરી સામાવાળા/ આરોપીઓને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

(૭) ઉપરોકત દલીલો સંદર્ભે આ કામે રજૂ થયેલ ફરિયાદપક્ષનો પુરાવો જોઈએ તો ફરિયાદપક્ષે આ કામે તપાસવામા આવેલ પંચ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી તેઓને ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળે તેવી કોઈ હકીકત સાહેદો જણાવતા નથી. ફરિયાદી કીરણભાઈ તનસુખભાઈ આંક–૨૩ ની જુબાનીમા આંક–૨૪ થી ફરિયાદ રજુ રાખેલ છે. સદર સાહેદે ફરિયાદ હકીકતને સમર્થન મળે તેવો પુરાવો આપેલ છે. જયારે રેડીગ પાર્ટીના પોલીસ સાહેદો તેમજ તપાસ કરનાર અમલદાર ફરિયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપે છે. પરંતુ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૬ મા કરવામા આવેલ જોગવાઈ

ધ્યાને લેતા મજકુર સાહેદોનો સમાવેશ રસ ધરાવતા સાહેદોમા થતો હોય રસ ધરાવતા સાહેદોની જુબાની સ્વતંત્ર સાહેદોની જુબાની ધ્વારા સમર્થન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેઓની એક માત્ર જુબાની ઉપર આધાર રાખી આરોપી વિરુધ્ધ અસનુમાન કરી શકાય નહી. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદો તપાસેલ નથી. ત.ક.અ.ની ઉલટ તપાસ ધ્યાને લેતા તેઓએ કબુલ રાખેલ છે કે આ કામે તેઓએ જાતે ફરિયાદ આપેલ છે. ફરિયાદમા બીજા પંચનુ નામ તેઓએ જણાવેલ નથી. બનાવવાળી જગ્યા જાહેર રોડ હોવા છતા તેઓએ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. રીકવરી પંચો ફરિયાદપક્ષને સમર્થન આપતા ન હોય તેમજ ત.ક. અમલદારે કબજે લીધેલ બોટલની કંપની અંગે કોઈ ઈન્કવાયરી કરવામા આવેલ નથી કે તેના ઉપર લખાવેલ સીલ અસલ હતા કે કેમ તેની તપાસ કરેલ નથી. આમ, આ પુરાવા સિવાય ફરિયાદપક્ષે અન્ય કોઈ પુરાવો આ કામે રજૂ કરેલ નથી.

(૮) તમામ સાહેદોની માત્ર સરતપાસ ધ્યાને લઈએ તો પણ બોટલો ઉપર લગાવવામાં આવેલ લેબલ જે–તે કંપનીના કે જાણીતી બ્રાન્ડના હતા તેવા ચોકકસ શબ્દ કોઈ પણ સાહેદ બોલેલ નથી.

(૯) નામદાર ગુજરાત હાઈકોર્ટનો **ગુલાબભાઈ રણછોડભાઈ વિરુધ્ધ ગુજરાત રાજયનો ચુકાદો ૧૯૯૨(૨) જી.એલ.એચ. (યુ.જે.) ૨૦** પર આધાર રાખેલ છે. તે ચુકાદામાં બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ –૧૧૬(બી) અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટે નીચે મુજબ ઠરાવેલ છે:

**(A) BOMBAY PROHIBITION ACT, 1949 (XXV OF 1949) - Secs. 65(a), 66(1)(b), 116B - Labels on the bottles - Presumption under section 116B can be drawn if the prosecution establishes that the labels are original ones.**

"In absence of examination of any manufacturer of the product as appeared from the labels on the bottle, it cannot be presumed that the labels appearing on the bottles are the original one. Neither the complainant nor the witnesses of seizure memo has stated that the labels appearing on the bottle are original one. To draw presumption under Sec. 116B of the Act, the prosecution has to establish that the labels found on the sealed bottles indicating the names of the known brand and the name of the manufacturer, are the original one. In absence of this evidence as to the label being original, requirements of Sec. 116B are not satisfied. As the requirements of Sec. 116B are not satisfied, presumption thereunder cannot be drawn. As presumption cannot be drawn and as there is no evidence to prove by evidence of the Chemical Analyser that the accused were in possession of prohibitory liquor, the conviction under Sec. 65(A) and 66(1)(b) cannot be sustained.

તેમજ વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના **ગુજરાત રાજય વિરુઘ્ધ જસ્બીરસિંહનો ચુકાદો જે ૨૦૧૩(૩) જી.એલ.આર. પાન નં.૧૯૫૨** પર પ્રસિઘ્ધ થયેલ છે તે ઘ્યાનમાં લેતાં નામદાર ગુજરાત હાઈકોર્ટે નીચે મુજબ ઠરાવેલ છે:

**(D) Bombay Prohibition Act, 1949 (25 of 1949) - Sec. 66 - Seizure of bottle of foreign liquor - Sample of contents of bottle not sent to Chemical Analyser for his opinion - No evidence that seal of bottle is original/ affixed by company - Further, bottle not kept in safe custody - Held, accused cannot be held guilty for offence of Sec. 66.**

"Simultaneously, so far as the seizure of Malta brand whisky from the accused is concerned, it

seems that the prosecution took it for granted that as it is a sealed bottle having inscription of Malta brand whisky, the contents of the bottle automatically fell within the presumption of whiskey, as provided under the Prohibition Act. No attempt was made to safe custody of the bottle and to get its sample sent to chemical analyzer for its analysis and for his opinion. Apart from it, there is no evidence as to whether the seal on the bottle is original one, affixed by the company or it is substituted? The possession of the whiskey bottle, alleged to be recovered from the accused, remained in the custody of the police unattended and unguarded condition on the table of P.S.I. for more than 5-00 hrs. i.e. till 6-00 p.m. So, there is no attempt at all on the part of the Investigating Agency to find out the contents of the bottle and have it examined through the competent authority so as to establish that the content of the bottle is prohibited item under the Prohibition Act. So, the learned trial Judge has rightly found that for want of any evidence on this aspect, the accused cannot be held guilty for the offence alleged under Sec. 66 of the Prohibition Act and we are also concurring with such findings as learned A.P.P. could not point out any evidence otherwise than this so as to take different view in this matter."(Para 22)

**(૧૦)** ઉપરોકત ચુકાદા અને ફરિયાદપક્ષે રજૂ કરેલ રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતાં જયારે ફરિયાદપક્ષના પુરાવામાં જે બોટલોમાં પ્રવાહી મળી આવેલ તેના ઉત્પાદકને તપાસવામાં આવેલ ન હોય ત્યારે એવું અનુમાન કરી શકાય નહિ કે બોટલો ઉપર લગાવવામાં આવેલ લેબલ મુજબની હકીકત સાચી છે અને તેમાં પ્રતિબંધિત પ્રવાહી છે.

વધુમાં, ફરિયાદપક્ષના કોઈપણ સાહેદે આ લેબલ પ્રખ્યાત બ્રાન્ડના અને સાચા હોવાનો રેકર્ડ પર પુરાવો આપેલો નથી. તેવા

સંજોગોમાં આરોપી સામેનો ગુનો પુરવાર માની શકાય નહિ. ફરિયાદપક્ષે કલમ–૧૧૬(બી) નુ અનુમાન દોરવા માટે સીલબંધ બોટલ ઉપર લગાવવામાં આવેલ લેબલ જાણીતી બ્રાન્ડના હોવાનું અને તેના ઉત્પાદકનું નામ જણાવવું જરૂરી છે અને તે લેબલ સાચું અને ખરું હોવાનો ચોકકસ પુરાવો આપવો પડે. તે સિવાય જોઈએ તો આ કામે પકડવામાં આવેલ મુદ્દામાલ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ હોય, સાહેદને બતાવવામાં આવેલ હોય અથવા તેઓએ કેમિકલ એનાલાઈઝરને મોકલી આ મુદ્દામાલ પ્રતિબંધિત વિદેશી પ્રવાહી છે તેવો કોઈ પુરાવો રજૂ કરેલો નથી.

**(૧૧)** ઉપરોકત કાયદાની જોગવાઈ, નામદાર વડી અદાલતના ચુકાદા, ફરિયાદપક્ષે રજૂ કરેલ પુરાવાનો પ્રકાર વંચાણે લેતાં આ કામે તપાસ કરનાર અમલદાર અને ફરિયાદી તે એક જ વ્યકિત છે. તે સિવાય મુદ્દામાલ બોટલમાં પ્રતિબંધિત પ્રવાહી હતું તેવો કોઈ પુરાવો ફરિયાદ પક્ષે કેમિકલ એનાલાઈઝરને તપાસી કે તેમનું પ્રમાણપત્ર મેળવી રજૂ કરેલ નથી. સાહેદ મુદ્દામાલ ઉપરના લેબલ સાચા અને જાણીતી બ્રાન્ડના હતા તે બાબતે ચોકકસ પુરાવો આપતા નથી.

**(૧૨)** ઉપર કરેલ ચર્ચા, કેસના સંજોગો, કેસની હકીકત, કેસનું રેકર્ડ, તારણો, કારણો તેમજ પડેલ પુરાવાનુ ફેરમુલ્યાંકન (re-apprication) કરતાં પણ **લાઠી**ના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટકલાસ) શ્રી ધ્વારા કરવામાં આવેલ હુકમ ભુલભરેલો, અયોગ્ય, ગેરકાયદેસર અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધનો હોવાનુ જણાતુ નથી. આરોપીઓને નિર્દોષ ઠરાવતા તેના ચુકાદામાં હસ્તક્ષેપ કરવો જરુરી જણાતુ નથી.

**(૧૩)** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વિધ્વાન ટ્રાયલ કોર્ટે જે હુકમ કરેલ છે તે ભુલભરેલો, અયોગ્ય, ગેરકાયદેસર અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધનો હોવાનુજણાતુ નથી. પરિણામે ટ્રાયલ કોર્ટે ફોજદારી કેસ નંબર–**૧૭/૨૦૧૭** ના કામે તારીખ **: ૩૦/૧૧/ ૨૦૧૯** ના રોજ જે હુકમ ફરમાવેલ છે તે હુકમમાં કોઈ હસ્તક્ષેપ કરવાનુ યોગ્ય અને વાજબી જણાતુ નથી. તેથી મુદ્દા નંબર–**૧** નો જવાબ **નકારમા** ઠરાવી મુદ્દા નંબર–**૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે :–

**<u>–:: હુ ક મ ::–</u>**

**૧..** અરજદાર/શ્રીસરકારની હાલની ક્રિમીનલ અપીલ આથી **<u>નામંજુર</u>** કરવામાં આવે છે.

**૨..** **લાઠી**ના વિધ્વાન જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટકલાસ શ્રીનાઓએ ફોજદારી કેસ નંબર–**૧૭/૨૦૧૭** ના કામે તારીખ **: ૩૦/૧૧/૨૦૧૯** ના રોજ ફરમાવેલ આદેશ આથી **યથાર્થ અને કાયદેસર** ઠરાવી કાયમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ **: ૦૪,** માહે **: જુલાઈ,** સને **: ૨૦૨૩** ના રોજ આ જજમેન્ટ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : અમરેલી
તારીખ **: ૦૪/૦૭/૨૦૨૩**

**(એમ. જે. પરાશર)**
સત્ર ન્યાયાધીશ,
**અમરેલી.**
**(જજ કોડઃજીજે૦૦૪૬૩)**

ANSARI.